# પાયાની કેળવણી

લેખિકા : પૂજ્ય સાધ્વીજી શ્રી સદ્ગુણાશ્રીજી

**સમાજની પાયામાંથી** કેળવણીનો એક અર્થ એ છે કે બહેનોની કેળવણી, અને બહેનો દ્વારા કેળવણી. બાળક માતાના ઉદરમાંથી જ સંસ્કાર મેળવતું થાય છે. સંસ્કારના ઘડતરમાં કુટુંબના વાતાવરણની જેમ જ દેવમંદિર અને ઉપાશ્રય જેવાં ધર્મસ્થાનો પણ ઘણો ફાળો આપે છે. કુટુંબમાં કે દેવસ્થાનોમાં અંધશ્રદ્ધા કે વહેમની હવા હોય તો બાળક એથી જુદા સંસ્કાર કેવી રીતે મેળવી શકે? એથી ઊલટું, કુટુંબમાં, દેવના દરબારમાં અને ગુરુની સમીપમાં અહિંસા, સત્ય–પ્રિયતા, નમ્રતા, નિર્ભયતા, સદાચરણની ભાવના, ઉદારતા વગેરેથી ચેતનવંતું વાતાવરણ પ્રવર્તતું હોય તો ઊછરતી પેઢીમાં પણ એવા જ સદ્ગુણો ખીલે. આવું વાતાવરણ ધરાવતાં ધર્મસ્થાનો સાચાં સંસ્કારધામો બને; અને આવા વાતાવરણને પોષનારાં પૂજ્ય સાધુ મહારાજો અને સાધ્વીજી મહારાજો સમાજમાં ઉત્તમ સંસ્કારોનું વાવેતર કરી શકે.

તેમાંય પૂજ્ય સાધ્વીજી મહારાજોને અભ્યાસ કરવાની અને આપણી બહેનો અને આપણી ઊછરતી પેઢીને સંસ્કારી બનાવવાની તક આપવામાં આવે તો સમાજનું પાયામાંથી જ નવઘડતર થાય. સાધ્વીજી મહારાજોની સંખ્યા આપણે ત્યાં ઘણી સારી છે, અને છેલ્લાં પાંચેક વર્ષમાં એમાં ઘણો ઉમેરો પણ થયો છે. નાની ઉંમરની બહેનોને દીક્ષા આપવામાં શ્રીસંઘ જેવો ઉત્સાહ દાખવે છે એવો જ ઉત્સાહ એમના અભ્યાસ માટેની સગવડ અને છૂટ આપવામાં તેમ જ સંઘમાં સંસ્કારોનું સિંચન કરવાની તક આપવામાં બતાવવો જોઈએ. મતલબ કે એમની શક્તિઓનો વિકાસ થાય અને એ શક્તિઓનો લાભ વિશાળ જનસમૂહને વધુમાં વધુ મળે એનું ધ્યાન શ્રીસંઘે ખાસ રાખવું જોઈએ.

આવાં સાધ્વીજી મહારાજોના સહવાસથી આપણી બહેનોમાં સંતોષ, સમતા અને શાંતિનાં બી નંખાય અને કલેશ–કંકાસ ઘટી જાય. પરિણામે કુટુંબ અને બાળકો સુખી, સંસ્કારી અને સેવાભાવનાવાળાં થાય. ભણતર કદાચ ઓછું હોય તોય આવા સંસ્કાર હોય તો કુટુંબ શક્તિશાળી અને શાંતિપ્રિય બની શકે. આનું નામ જ પાયાની કેળવણી.

એક માતાને સો શિક્ષક જેવી ગણવામાં આવેલ છે, તો જેના અંતરમાં દુનિયાનું ભલું કરવાની ભાવના હોય એ ધર્મમાતા( ધર્મગુરુણી )ના મહિમાનું તો કહેવું જ શું? ફક્ત એને એવો વિકાસ કરવાની અને આવું પાયાનું કામ કરવાની તક મળવી જોઈએ. આમ થાય તો સમાજ સંયમ, સાદાઈ અને શ્રમપ્રીતિ તરફ સહેજે વળે.

આ યુગમાં બહેનોને અને ખાસ કરીને સાધ્વીસમુદાયને આવી તક આપવાની પહેલ પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબે કરીને સંઘ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે; વળી એમણે સંઘમાં વિદ્યાલય જેવી અનેક જ્ઞાનની પરબો બેસાડી છે: એ બધું પણ પાયાનું કામ છે. કેળવણીપ્રેમી ભાઈઓ–બહેનોનાં મંડળો રચીને અને પૂજ્ય સાધુ મહારાજો અને સાધ્વીજીઓના આશીર્વાદ અને સહકાર મેળવીને આ કામ મોટા પાયા પર કરવાની જરૂર છે. આવાં કામોનો સારી રીતે પ્રારંભ થાય એવી શુભેચ્છા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org